
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

અષાડ
卐
પુસ્તક ૯૧ મું
અંક-૯
卐
૭ મી ઓગસ્ટ ૧૯૭૫
卐



અષાડ
卐
વીર સંવત ૨૫૦૦
卐
વિક્રમ સંવત ૨૦૩૧
卐

સભાની ચોરાણુમી વર્ષગાંઠ શ્રાવણ શુદ ના દિવસે ઉજવવામાં આવશે.

:- પ્રગટ કર્તા -:

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા :: ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# अनुक्रमणिका



| ક્રમ | લેખ | લેખક | પાનં. |
|---|---|---|---|
| ૧. | સ્નેહ સમર્પીતા | ....મનોજ ઉર્ફે મહેન્દ્ર | ૩ |
| ૨. | શ્રી જય શંખેશ્વરા પાર્શ્વનાથ | ....લેખક : શરણાર્થી | ૪ |
| ૩. | શ્રી જૈન રામાયણ | ....શ્રી ત્રિષષ્ટિશલાકા પુરૂષ ચરિત્રમાંથી | ૫ |
| ૪ | ધર્મદત્ત અને સુરૂપાની કથા | ....શ્રી ધમ્મિલકુમાર ચરિત્ર ભાષાંતરમાંથી | ૭ |
| ૫. | જ્ઞાની પાપી | ....લે. આચાર્ય અશોકચંદ્ર સૂ. મ. | ૮ |
| ૬. | અડોલ રહ્યા | ....રતીલાલ માણેકચંદ શાહ | ૯ |
| ૭. | ઇંટ અને ઇમારત | ....અમરચંદ માવજી શાહ | ૧૦ |
| ૮ | ભગવાન મહાવીરની અંતિમ દેશનામાંથી | ....રતીલાલ માણેકચંદ શાહ | ૧૧ |
| ૯. | વિશ્વ માન્ય ધર્મ | ....શાહ ચતુર્ભુજ હરજીવનદાસ | ૧૩ |
| ૧૦. | દર્શન ધર્મ | ....દીપચંદ જીવણભાઈ | ૧૪ |
| ૧૧ | ગુરૂ પટ્ટાવલી ચૌપાઈ સંબંધી સપષ્ટીકરણ | .. લે. શ્રી અગર ચંદનાહટા | ૧૫ |
| ૧૨. | પરમેશ્વર | ....શાહ ચતુર્ભુજ હરજીવનદાસ | ૧૬ |




## સભાની વર્ષગાંઠ નિમિત્તે

**માનવંતા સભ્યોને જણાવવાનું કે જે સંવત ૨૦૩૧ ના શ્રાવણ શુદ ૩ ને રવીવાર તા. ૧૦-૮-૭૫ ના સભાની ચોરાણુમી વર્ષગાંઠ નિમિત્તે સવારના ૯-૩૦ (સાડા નવ) વાગે સભાના હોલમાં પાર્શ્વનાથ પંચકલ્યાણકની પૂજા ભણાવવામાં આવશે તો સર્વે સભ્યોને પધારવા વિનંતી છે.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




પુસ્તક ૯૨ મું | અશાડ | વીર સં. ૨૫૦૧
અંક ૯ મો | | વિક્રમ સં. ૨૦૩૧

## સ્નેહ સમર્પીતા

માત સમી અમી ધારા વહે. જીવન અમોના ઉજાળી રહે,
સીંચનની અમી ધારા થકી. જીવન કયારી હરીયાળી બને...જીવન અમોના૦
સહાવીર જીનનું મંદિર સામે. શીતળ તેની છાંયા,
સુસંસ્કારો દીલમાં વહાવી. કંટક દુર હટાવ્યા,
જયોતિ જલે....(૨) અમ અંતરમાં......જીવન અમોના...
મહાશાળાના શીક્ષણ કાજે, વિદ્યાર્થી સહુ આવે,
આપી સહારો માર્ગ બતાવી. જીવન ધન્ય બનાવે,
કોમળ ફુલ.......(૨) બીછાવી સદા......જીવન અમોના....
અંક ધરી તૂજ ચરણે આજે. નૂતન કાર્ય બનાવી
ચોરાણુ આ વાર્ષીક દીને, વિજય ધજા ફરકાવી,
સ્નેહ મનોજ....સદા અર્પી .....જીવન અમોના........

— મનોજ ઉર્ફે મહેન્દ્ર

For Private And Personal Use Only

# શ્રી જય શંખેશ્વરા પાર્શ્વનાથ

( ગયા અંકથી ચાલુ )

લેખક : શરણાથી

શ્રી શંખેશ્વરાપાર્શ્વનાથાય સદૈવાકોટિન નયન



## પ્રકરણ ૭ મું
## નમિ વિનમિની દિક્ષા

કાળે કરીને જગતમાં પરિવર્તન થયા જ કરે છે એકની એક સ્થીતિ દુનિયમાં કોઇની હંમેશા કાયમ રહેતી નથી સંસારમાં આજે જે સ્મૃદ્ધિવત હોય છે તે એક દિવસ રંક બની જાય છે. અને ગરીબ અમીર બનીને પોતાનો સમય સુખ ચેનમાં ગાળે છે, આજે જેમ અલ્પકાળમાં પરિવર્તન થાય છે. તેન તે સમયે પણ પરિવર્તન તો થયા જ કરતું હતું. તેમ છતાં એટલુ તો નિઃસંદેહ કે આજના સમય કરતા તે સમયે વધારે પુણ્યવંત જીવો હતા.

નમિ વિનમિ વિદ્યાધરેંદ્રોને વિદ્યાધરોનું ઐશ્વર્ય ભોગવતાં અને ઋષભ તેમજ પાર્શ્વનાથનુ પૂજન કરતા લગભગ સાઠ હજાર વર્ષ વ્યતીત થયા સાઠ હજાર વર્ષનો આજે હિસાબ ગણાય પણ જ્યાં લાખો પૂર્વના દીર્ઘ આયુષ્ય હોય તેવી સ્થીતિમાં તેટલા વર્ષનો કાઇ હીસાબ નથી.

એક દિવસ નમિ વિનમિ વિદ્યાધરો પોતાની સભામાં ઇંદ્રની માફક ઐશ્વર્ય ભોગવતા બેઠા છે ત્યા સભાના મધ્ય ભાગમાં આકાશમાંથી આવેલુ એક બાણ તેમના ચરણમાં આવીને પડ્યું. સભા ક્ષોભ પામી ! વિદ્યાધર પતિઓ ક્રોધથી ધમધમતા તે બાણને જોઈ વિચાર કરવા લાગ્યા.


બંધુ ! જંબુદ્વિપમાના ભરતક્ષેત્રમાં આ ભરત રાજા પ્રથમ ચક્રવર્તી તરીકે ઉત્પન્નથ યો છે. જેવી રીતે કેવળ જ્ઞાન પામીને દાદાજી પ્રથમ તીર્થંકર થયા. અને ચાર પ્રકાર (દાન શિયલ, તપ અને ભાવ)નો તેમજ બે પ્રકાર (સાધુ ધર્મએ શ્રાવકધર્મ)નો ધર્મ બનાવીને જગતમાં પ્રથમ જ ધર્મની શરૂઆત કરી, તેવી રીતે ભરતે ઋષભકુટ પર્વદ્ય ઉપર જઇને ચંદ્રબિંબની જેમ ત્યાં પોતાનું નામ લખીને પાછા વળતા તો અહીં આવ્યો જણાય છે.

(ક્રમશઃ)

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન રામાયણ

(ગયા અંકથી ચાલુ) —શ્રી ત્રિષષ્ટિશલાકા પુરૂષ ચરિત્રમાંથી



તે સુમિત્ર મહાસત્ત્વવાન છે કે જેનું મારા ઉપર આવુ સૌહૃદ છે બીજાને પ્રાણ અપાય છે પણ પ્રિયા અપાતી નથી, કેમકે તે મહાદુષ્કર છે, તે છતાં મિત્રે અત્યારે મારે માટે તેમ પણ કર્યું. પિશુનની* જેમ મારી જેવાને કાંઇ નહિ કહેવા યોગ્ય કે નહિ માગવા યોગ્ય નથી, અને કલ્પવૃક્ષની જેમ તે સુમિત્રના જેવા પુરૂષોને કાંઈ પણ નહિ આપવા યોગ્ય નથી. માટે હે વનમાળા! તમે મારી માતાતુલ્ય છો તેથી અહીંથી ચાલ્યા જાઓ અને હવે પતિની આજ્ઞા છતાં પણ આ પાપરાશિ મનુષ્યની સામુ પણ જોશો નહિ તેમજ તેને બોલાવશો પણ નહિ.' આ બધાં વચનો ત્યાં ગુપ્ત રીતે આવીને રાજા સાંભળતો હતો; તેથી તે પોતાના મિત્રનું આવું સત્વ જોઈને અત્યંત હર્ષ પામ્યો. પછી પ્રભવે વનમાળાને નમસ્કારપૂર્વક વિદાય કરીને એક દારૂણ ખડ્ગ ખેંચી પોતાના મસ્તકને છેદવા માંડયું. તે વખતે રાજા સુમિત્રે પ્રગટ થઈ 'હે મિત્ર! સાહસ કર નહિ' એમ કહી તેના હાથમાંથી ખડગ ખેંચી લીધું. તે વખતે જાણે પૃથ્વીમાં પેસવાને ઇચ્છતો હોય તેમ પ્રભવ લજ્જાથી નીચું મુખ કરી ઊભો રહ્યો. સુમિત્રે ઘણી મનામણી તેને સ્વસ્થ કર્યો. પછી બને મિત્રો પૂર્વની જેમ મૈત્રી રાખીને પાછાં રાજ્ય કરવા લાગ્યા કેટલેક કાળે સુમિત્ર દીક્ષા લઇ મૃત્યુ પામીને ઇશાન દેવલોકમાં દેવ ગયો. ત્યાંથી ચ્યવીને આ મથુરાના રાજા હરિવાહનની માધવી નામની સ્ત્રીના ઉદરથી તું મધુ નામે પરાક્રમી પુત્ર થયો છે. પેલો પ્રભવ ચિરકાળ ભવમાં ભ્રમણ કરી વિશ્વાવસુની જ્યોતિર્મતિ નામે સ્ત્રીથી શ્રીકુમાર નામે પુત્ર થયો છું એ પ્રમાણે તારા પૂર્વભવનો હું મિત્ર છું. આ પ્રમાણે બધુ વૃત્તાંત કહી તેણે મને આ ત્રિશૂળ આપેલું આ ત્રિશૂળ બે હજાર યોજન સુધી જઈ ઇચ્છિત કાર્ય કરીને પાછું આવે છે."

આ પ્રમાણે તેનું વૃત્તાંત સાંભળીને રાવણે ભક્તિથી અને શક્તિથી વિરાજિત એવા તે મધુકુમારને પોતાની મનોરમા નામે કન્યા આપી. પછી લંકાના પ્રયાણદિવસથી અઢાર વર્ષ ગયાં ત્યારે રાવણ +સુવર્ણગિરિ પર રહેલા પાંડુકવનમાં ચૈત્યોની પૂજા કરવાને માટે ગયો; ત્યાં

* દુર્જન અથવા ચાડીયા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મોટી ધામધુમ સાથે સંગીતયુક્ત પૂજાના મહોત્સવપૂર્વક રાવણે ઉત્કંઠાથી સર્વ ચૈત્યોને વંદના કરી. તે વખતે દુર્લંઘ્યપુરમાં રહેલા ઇંદ્રરાજાના પૂર્વદિક્પાલ નલકુબરને પકડવા માટે કુંભકર્ણ વિગેરે રાવણની આજ્ઞાથી ગયા. ત્યાં તે નલકુબરે આશાળી વિદ્યાવડે પોતાના નગરની આસપાસ સો યોજનપર્યંત અગ્નિમય કિલ્લો કરેલો હતો, અને તેમાં એવા અગ્નિયંત્રો ગોઠવ્યાં હતાં કે જેમાંથી નીકળતા કણીઆ જાણે આકાશમાં અગ્નિ ઉત્પન્ન કરતાં હોય તેવા દેખાતા હતા તેવા કિલ્લાનો અવષ્ટંભ લઇને, કોપથી પ્રજ્વલિત અગ્નિકુમારની જેમ એ નલકુબર સુભટોથી વિંટાઇને રહ્યો હતો. સૂર્યને ઉઠેલા પુરુષો જેમ ગ્રીષ્મ ઋતુના મધ્યાહ્ન કાળના સૂર્યને જોઈ શકે નહીં તેમ કુંભકર્ણ વિગેરે પણ ત્યાં આવી તે કિલ્લાની સામું જોઇ શકયા નહીં. 'આ દુર્લંઘ્યપુર ખરેખર દુર્લંઘ્ય છે' એવું વિચારી તેઓ ઉત્સાહભંગ થઈને પાછા આવ્યા અને કોઈક પ્રકારે તેમણે તે ખબર રાવણને પહોંચાડયા તે સાંભળી રાવણ પોતે ત્યાં આવ્યો અને તેવો કિલ્લો જોઇ તેને ગ્રહણ કરવાના ઉપાયને માટે ચિરકાળ બંધુની સાથે વિચાર કરવા લાગ્યો. તે સમયે રાવણની ઉપર અનુરાગી થયેલી નલકુબરની પત્ની ઉપરંભાએ એક દૂતીને મોકલી તેણે આવીને રાવણને કહ્યું—"મૂર્ત્તિમતી જયલક્ષ્મી હોય તેવી ઉપરંભા તમારી સાથે ક્રીડા કરવાને ઇચ્છે છે. તમારા ગુણોથી તેનું મન તો હરાઇ ગયેલું છે, માત્ર શરીર જ ત્યાં રહેલું છે. હે માનદ! આ કિલ્લાનું રક્ષણ કરનારી આશાળી નામની વિદ્યા છે તે ઉપરંભા પોતાના શરીરની જેમ તમારે આધીન કરી દેશે; તેથી તમે આ નગરને નલકુબર સહિત તાબે કરશો વળી હે દેવ! અહીં સુદર્શન નામે એક ચક્ર તમે સાધ્ય કરશો." રાવણે હાસ્ય સાથે વિભીષણની સામું જોયું એટલે 'एवमस्तु' એમ કહીને તેણે તે દૂતિકાને વિદાય કરી પછી રાવણે કોપ કરીને વિભીષણને કહ્યું-"અરે? આવું કુળવિરુદ્ધ કાર્ય તેં કેમ સ્વીકાર્યું? રે મૂઢ! આપણા કુળમાં કોઇ પુરુષોએ રણભૂમિમાં શત્રુઓને પૃષ્ઠ અને પરસ્ત્રીને હૃદય કદિ પણ આપ્યું નથી અરે વિભીષણ! આવા વચનથી પણ તેં આપણા કુલમાં નવીન કલંક લગાડયું છે! તારી આવી મતિ કેમ થઇ કે જેથી તું એવું બોલ્યો?" વિભીષણે કહ્યુ-"હે આર્ય મહાભુજ! પ્રસન્ન થાઓ. શુદ્ધ હૃદયવાળા પુરુષોને વાણીમાત્રથી કલંક લાગતું નથી તે ઉપરંભા ભલે આવે ને તમને વિદ્યા આપે. શત્રુ તમારે વશ થાય, એટલે પછી તમે તેને અંગીકાર કરશો નહી. વાણીની યુક્તિથી તેને છોડી દેજો."

વિભીષણનાં આવાં વચન રાવણે સ્વીકાર્યાં, તેવામાં તેને આલિંગન કરવામાં લંપટ એવી ઉપરંભા ત્યાં આવી પહોંચી. પોતાના પતિએ નગરને કિલ્લારૂપ કરેલી આશાળી વિદ્યા તેણે રાવણને આપી; અને તે સિવાય બીજા વ્યંતરરક્ષિત અમોઘ શસ્ત્રો પણ આંપ્યાં. પછી રાવણે તે વિદ્યાથી તે અગ્નિનો પ્રાકાર (કિલ્લો) સંહરી લીધો. અને લશ્કર તથા

+ મેરુપર્વત (ક્રમશઃ)

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેને આવો સરળ અને મૂર્ખ જાણીને પ્રકટ મત્સરી એવા ગંગદત્તે વ્યભિચાર દોષે કરીને પોતાની કરેલી તેની પત્ની સરૂપાને કહ્યું-"પ્યારી! જો આ ધર્મદત્તને મારી નાખવામાં આવે તો આપણે સાથે રહીને નિર્ભયપણે ભોગ ભોગવીએ."

"એમ જ થાઓ" એ દુઃશીલા સુરૂપાએ તેનાં વચનને અનુમોદન આપ્યું. 'ક્રૂર એવી સ્ત્રીઓના ચપળ મનને ધિક્કાર થાઓ.'

ત્યારથી તે દુષ્ટ ગંગદત્ત ધર્મદત્તને મારવાનો ઉપાય ચિંતવતો અનુકુળ સમયની રાહ જોવા લાગ્યો.

"એક દિવસ ગંગદત્તની સાથે ધર્મદત્ત રાજસભામાં ગયો. આડીઅવળી અનેક વાતો કરતાં રાજાએ પૂછયું—'પૃથ્વી ઉપર ભ્રમણ કરતાં તમે કાંઈ આશ્ચર્યકારી જોયું?"

"દેવ! મેં જે જે આશ્ચર્ય જોયું છે તેમાં મને તો કાંઇ આશ્ચર્યકારી લાગ્યું નથી, પણ મારા ઘરને વિષે થોડા યવ છે તે આશ્ચર્યકારી છે." ધર્મદત્તે કહ્યું.

"કેવી રીતે?" રાજાએ આતુરતાથી પૂછયું.

"તેને વાવીને જળ સિંચન કરે તો સદ્ય ઊગે છે-ફળે છે." તેણે કહ્યું. રાજા વિસ્મય પામ્યોને કહ્યું. "ત્યારે તે યવ મને ઝટ બતાવો." તેમની આ વાત સાંભળીને પોતાનો લાગ આવ્યો જાણી વિટ એવા ગંગદત્તે મસ્તક ધુણાવ્યું. તે જોઈ રાજાએ તેનું કારણ પૂછયું.

શયતાનની માફક છળ પામીને ગંગદત્ત કહ્યું. "દેવ! અસંબંધવાળું એવું આનું બોલવું સાંભળીને કોનું મસ્તક ન કમ્પે? ધનના સંનિપાતવડે કરીને એ યદ્‌વાતદ્‌વા બોલે જાય છે; પણ ઉત્તમ બુદ્ધિવાળા આપે તેની વાત સત્ય માનવી નહિ જો એની વાણી સત્ય હોય તો હું મારૂં સર્વસ્વ આપને અર્પણ કરૂં અને અસત્ય ઠરે તો બે હાથમાં ગ્રહણ કરીને એના ઘરમાંથી મારે ગમે તે વસ્તુ હું લઇ લઉં."

રાજાએ ધર્મદત્તના સન્મુખ નજર કરી. ધર્મદત્તે પણ તે સરત માન્ય કરી, કેમકે યવ માટે તેને પોતાને પૂરતી ખાત્રી હતી તેમની બન્નેની સરતમાં રાજા સાક્ષીભૂત થયો પછી રાજાએ "તમારા સત્યાસત્યની પરીક્ષા પ્રભાતે થશે, તમે તમારા યવ લાવજો" એ પ્રમાણે કહ્યું. તે સાંભળી તે બન્ને રાજસભામાંથી રવાના થયા પછી "મારા ઘરને વિષે જ યવ છે, તો તે માટે શું વિષાદ કરવો?" એમ ચિંતવતો ધર્મદત્ત પોતાના વ્યાપાર-કાર્યમાં પ્રવર્ત્યો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જ્ઞાની—પાપી

દીવો હાથમાં હોય છતાં જે કુવામાં પડે તેને માટે આપ શું કેહેશો. આ પ્રકાર તેવોજ છે. આ પ્રકારનાં જ્ઞાની પાસે પુષ્કળ જ્ઞાન છે. દુનિયાને સુંદર રીતે સમજાવી શકતા હોય છે. છતાં પોતે તેમાંનું કાંઇ આચરણમાં મુકતાં હોતા નથી.
ઢોલ જેટલો મોટો દેખાય તેટલી જ તેની અંદર મોટી પોલ હોય છે.

એવી જ સ્થિતિ આવા જ્ઞાની-પાપીની હોય છે. તેઓ વાતો મોટી-મોટી કરે છે. પણ આચરણમાં એવડું જ મોટું મીંડુ હોય છે. અજ્ઞાની લોકો અજ્ઞાનને કારણે અંધારાને લઇને કુવામાં પડે તો તે સમજી શકાય તેવું છે. પરંતુ જ્ઞાની પાપીઓ તો હાથમાં જ્ઞાનની મશાલ હોવા છતાં પતનની ખાઇમાં પડે છે. ! સામાન્ય લોકો અને આ પ્રકારનાં જ્ઞાનીમાં તફાવત એટલો છે કે-જ્ઞાની છતી આંખે આંધળા બને છે. જ્યારે અજ્ઞાની લોકો આંખના અભાવે આંધળા હોય છે. જે જ્ઞાન વડે તેમણે પાપથી બચવું જોઇએ તે જ્ઞાન વડે તે પાપાચરણ કરતો હોય છે. કોઈ પ્રશ્ન કરશે કે-જે જ્ઞાની હોય તે પાપાચરણ કરે ખરો ? આ પ્રશ્નનો જવાબ એ છે. કે-જ્ઞાન બેધારી તલવાર જેવું છે. તેનો સદુપયોગ થાય તો જીવન મરણનાં બંધનો તોડી નાખે. જો દુરુપયોગ થાય તો તે પોતાનું માથું પોતાના હાથે જ કાપે. જ્ઞાની ભક્તો પોતાના જ્ઞાનનો ઉપયોગ ત્રિવિધ તાપ માંથી મુક્તી મેળવાં માટે કરે છે. જ્યારે જ્ઞાની પાપી પોતાના જ્ઞાનનો ઉપયોગ પાપાચરણ માટે જ કરે છે. કેટલાક જ્ઞાનીઓ પોતાના જ્ઞાન વડે બીજાંને આકર્ષે છે. અને પછી આકર્ષિત થયેલ વ્યક્તિઓને ફોસલાવીને કે એક-યા-બીજી રીતે સમજાવીને તેમનો ગેર લાભ ઉઠાવે છે.

ધર્મના નામે જે પાપલીલા ચાલે છે કે-ધર્મના નામે ઠગવિદ્યા ચાલે છે. તે આ પ્રકારનાં જ્ઞાની પાપીઓ જ ચલાવતા હોય છે.

લેખકઃ-
આચાર્ય શ્રીમદ્ વિજય અશોકચંદ્રસૂરિશ્વરજી મહારાજ
( ડહેલાવાળા )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## અડોલ રહ્યા

લે:— રતિલાલ માણેકચંદ શાહ—નડીઆદ

અતિ પ્રાચીન સમયની આ વાત છે, જે વાત બન્યાને પચ્ચીસો વર્ષોના વાણા વહી ચૂકયા છે, તે સમયે ભગવાન મહાવીર સ્વામી આ પુણ્ય ભુમિને પોતાંના પવિત્ર ચરણોથી પાવન કરી રહ્યા હતા.

કામદેવ નામનો એક સુશ્રાવક ભગવાન મહાવીર સ્વામીનો શિષ્ય હતો જે દ્વાદશ-વ્રત ને શુદ્ધ ભાવથી પાળતો તેમજ નિર્ગંથ વચના સુરકત હતો.

એક સમયે સધર્મા સભામાં ઇંદ્રે કામદેવની પ્રશંસા કરતા કહ્યું કે, એ ધર્મમાં એટલો બધો દઢી ભૂત છે કે, તે ગમે તેવી વિકટ પરિસ્થિતિમાં પણ ધર્મથી ચલિત બને નહિ ઇંદ્રની આ વાત સાંભળી સભામાં ઉપસ્થિત બુદ્ધિવાન દેવ બોલી ઉઠયો કે તે તો સમય આવ્યે સમજાય જ્યાંસુધી પરિષહના પ્રસંગો ઉપસ્થિત થયા ન હોય ત્યાંસુધી સહન શીલ ધર્મમાં દઢ રહી શકે, આ વાતનો નિષ્કર્ષ તો ત્યારેજ થઇ શકે, કે જ્યારે હું તેના દઢ ધર્મની પરિક્ષા કરું અને તેમાં પાર ઉતરે (ફત્તેહ મંદ થાય).

કામદેવને ધર્મમાંથી ચલિત કરવા. બુદ્ધિવાન દેવે પ્રથમ હાથીનું રૂપ લીધું તે સમયે કામદેવ કાયોત્સગમાં લીન હતા. તે હાથીએ કામદેવ પર સખ્ત આક્રમણ કર્યું પણ તેમાં તે અડોલ રહ્યા. ચલિત થયા નહિ એટલે સુશળ જેવું અંગ કરીને સૂર્યનું રૂપ ધારણ કર્યું અને કામદેવ ભયંકર ફુંકારા કર્યા તો પણ તેઓ સ્હેજ પણ ચલાય માન થયા નહિ એટલે દેવે ફરી પાછું રાક્ષસનું રૂપ લીધું અને અનેક જાતના પરિષહો ઉપસ્થિત કર્યા છતાં પણ કામદેવે કાયોત્સગમાંથી સ્હેજ પણ ચલિત થયા નહિં સિંહ વિગેરે ભયંકર વન પશુઓના રૂપ ધારણ કરી કામદેવને ચલિત કરવા બુદ્ધિવાને અનેક કોશિશો કરી, ડરાવવા અનેક પ્રયત્નો કર્યા છતાં પણ તેઓ લેશ પણ ચલ-વિચલ બન્યા નહિ અને પોતાની સાધનામાં લીન રહ્યા એટલું જ નહિ પરંતુ પાષાણમાંથી કંડરાયેલી પ્રતિમાની જેમ નિશ્ચલ રહ્યા. આ પ્રમાણે દેવ સમગ્ર રાત્રી ઉપસર્ગો કરતો રહ્યો પરંતુ કામદેવને તે ચલિત કરી શકયો નહિ, તેના પ્રત્યેક પ્રયત્નો નિષ્ફળ ગયા. કારગત નિવડયા નહિ.

આથી બુદ્ધિવાન દેવે અવધિજ્ઞાન વડે જોયું કે, કામદેવ મેરુ પર્વતની જેમ અડોલ અને નિશ્ચલ રહ્યા છે, તેથી તેમને વિનય પૂર્વક વંદના કરીને, પોતે કરેલ ઉપસર્ગોની ક્ષમા યાચી અને પોતાના સ્થાનકે જવા રવાના થયો અને કામદેવ કસોટીમાંથી પાર ઉતર્યા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઇંટ અને ઇમારત

લેખક : અમરચંદ માવજી શાહ

ધર્મશાળાનું બાંધકામ શરૂ કર્યું ને શેર બજારમાં જેમ શેરના ભાવ વધે તેમ રૂા. ૨૦)ની ઇંટના રૂા. ૨૫૧) બસોએકાવન અને દાતાનું નામ સળંગ આરસની તક્તીમાં લખવાની યોજનાઓ સામયિકોમાં પત્રિકાઓમાં પ્રકાસીત થઇને સકલ સંઘમાં વ્યાપી ગઇ. આ ઇંટયજ્ઞની શરૂઆતથી ખુબજ ઉત્સાહ કમિટીનો વધી ગયો ને ત્યાર પછી તો એક પછી એક કામ દક્ષીણબાજુ જૈન ભોજનશાળાનું ભવ્ય આર. સી. સી. મકાન ઉત્તર બાજુ આયંબીલ ભુવન, ઉપર ઉપાશ્રય પૂર્વબાજુ જ્ઞાનમંદિર, લગભગ બેલાખના ખર્ચે આ એકજ યોજનામાં બંધાઈ ગયા. ગિરીરાજ ઉપર ચડવાના રાજુલાના પગથીયા નૂતન સ્નાનગૃહ, કેસર-સુખડ સેવા–પૂજા–કપડાના મકાન, યાત્રિક આરામગૃહ શહેરના શાંતિનાથ દેરાસર પાસે ભવ્ય શ્રાવિકા ઉપાશ્રય તથા શ્રી મલ્લીનાથ જિન પ્રસાદ ચોમુખજી જિનાલય વીગેરેમાં રૂા. દસલાખ ઉપરાંત ખર્ચાઈ ગયા એ બધા ઇંટયજ્ઞથી જ થયા જેની તક્તીઓ દ્વારા દીવાલો આરસની થઇ ગઇ છે. નળ કનેકશનો ડ્રેનેજ ઇલેક્ટ્રીક વીગેરે આધુનિક સુવિધાઓ પણ હજારોના ખર્ચે થયાને યાત્રિકોનો પ્રવાહ, દાનનો પ્રવાહ વધવાજ માંડયા છે અને તાલધ્વજ તીર્થ ભારતભરમાં એક ભવ્યતીર્થ ગુરૂદેવની કૃપાથી પૂ. શેઠશ્રી ભોગીલાલભાઈ સાહેબના સાનિધ્યમાં એક આદર્શ તીર્થ બની ગયું છે. અને હજુ પણ તેનો વિકાસ ચાલુ છે ગિરિરાજ ઉપર બાવન જીનાલયની દેરીઓનું બાંધકામ ચાલુ છે. નિભાવ ફંડ માટે પણ નાની–નાની યોજનાંઓ તિથિદાન દ્વારા પણ સારૂ ફંડ એકઠું થઈ ગયું છે. તાલધ્વજ જૈન વિદ્યાર્થીગૃહના ભવ્ય મકાનો જિનાલય વિગેરે બંધાઈ ગયા છે.

પુન્યને પુરૂષાર્થનો સંગમ થાય એટલે સફળતાજ પ્રાપ્ત થાય. પૂજ્ય શેઠશ્રી ભોગીલાલભાઈ અત્યારે ૮૯ વર્ષની ઉંમરે પહોંચ્યા છે. છતાં તેઓશ્રીનું જીવન કાર્યદક્ષ અને વ્યવસ્થીત રીતે સંસ્થાઓની સેવામાં વ્યતિત થાય છે તેમના એકના એક સુપુત્ર ભાઇશ્રી બકુભાઈ પણ તેમનો વારસો બરાબર સંભાળી રહ્યા છે. અને તાલધ્વજ તીર્થના અધ્યક્ષસ્થાને તેઓશ્રી નિયુક્ત થયા છે.

આ ઇંટયજ્ઞ અનેક સંસ્થાઓને પ્રેરણાત્મક થયો છે તેમ ઘણા યાત્રિકોના મંતવ્યથી જાણવામાં આવ્યું છે. મારી ઉંમર ૬૭ વર્ષની થઈ છે. ૫૦ વરસ સંસ્થાઓની સેવામાં મુંબઇ જીવદયા મંડળ, ભાવનગર પાંજરાપોળ અને તાલધ્વજ તીર્થમાં-જીવન વ્યતિત થયું છે. અને તે મારૂં સદ્ભાગ્ય સમજુ છું.

કોઈપણ નાનામાં નાનુ કામ કે મોટામાં મોટુ કામ કરવાની આ આત્મામાં અનંત


(૧૧ માં પાના ઉપર)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભગવાન મહાવીરની અંતિમ દેશનામાંથી

( મહાવીર પચીસોમાં નિર્વાણ મહોત્સવ નિમિતે )

—રતિલાલ માણેકચંદ શાહ-નડીઆદ

જેવી રીતે રાત્રીઓ અતિત-વિત્યા પછી વૃક્ષના પાંદડા પીળા થઈને નિવૃત્ત થાય છે પડી જાય છે, એવું મનુષ્ય જીવન છે. એથી હે ગૌતમ ! તું સમય માત્રનો પ્રમાદ ન કરીશ.

જેવી રીતે ઘાસના અગ્રભાગ ઉપર રહેલું ઝાકરનું બિંદુ થોડો વખત જ રહે છે. એવું મનુષ્યનું જીવન છે એ માટે હે ગૌતમ ! તું સમય માત્રનો પ્રમાદ ન કર.

આમ જરા જેટલું આયુષ્ય અને અનેક વિઘ્નવાળા આ જીવનમાં પૂર્વે કરેલા કર્મ રજને દૂર કરવામાં હે ગૌતમ ! તું સમય માત્રનો પણ પ્રમાદ કરીશ નહિ બધા પ્રાણીઓને માટે મનુષ્ય જન્મ ઘણા લાંબા વખતે પણ મળવો દુર્લભ છે. કારણ કે બુરા કર્મોનો વિપાક-અત્યન્ત દૃઢ હોય છે. માટે હે ગૌતમ ? તું સમય માત્રનો પ્રમાદ ન કર

પૃથ્વી કાયમાં ગયેલો જીવ ઉત્કૃષ્ટ અસંખ્યાત કાલ સુધી રહે છે, એટલા માટે હે ગૌતમ ! તું સમય માત્રનો પણ પ્રમાદ ન કર.

વાયુ કાયમાં ગયેલો જીવ ત્યાં ઉત્કૃષ્ટ અસંખ્યાત વર્ષ સુધી રહે છે એટલા માટે હે ગૌતમ ! તું સમય માત્રનો પણ પ્રમાદ ન કર.

અપ કાયમાં ગયેલો જીવ ત્યાં ઉત્કૃષ્ટ અસંખ્યાત વર્ષ સુધી રહે છે એટલા માટે હે ગૌત્તમ ! તું સમય માત્રનો પણ પ્રમાદ ન કર. (પાછળ ચાલુ)

---

( ૧૦ મા પાનાનું ચાલુ )

શકિત ભરેલી છે. તેમાં માત્ર નિસ્વાર્થ સેવા ભાવના, ખંત, ઉત્સાહ, ઉમંગ અને કાર્યદક્ષતાની તમન્ના લીધેલા કાર્યને પાર પાડવાની ભાવનાથી આપણે ધારીએ તે કાર્ય કરી શકવા સમર્થ છીએ.

આપણે જીવનની સંધ્યા પછી વિદાય લેવાના છીએ પરંતુ આવા પરમાર્થના પર હિતના કાર્યો રૂપી 'ઇંટ ને ઇમારત' સદાય અમર રહેશે તેમાં આપણે તો ફકત નિમિત્ત રૂપ જ છીએ જે દ્રવ્યનું જે ક્ષેત્રમાં જે કાળે જે ભાવે ઉદય અનુસાર પરિણમન થવાનું હોય તેજ મુજબ થાય છે. એટલે તેમાં મિથ્યા અભિમાન ન આવી જાય હું કરૂં મે કર્યું એવી અહં મત્રની ભાવના ન ભાગી જાય તેમ પોતાનું પરમાર્થ કર્તવ્ય કરી જીવનને મન વાળળું

હું કરૂં હું કરૂં એજ અજ્ઞાનતા.
શકટનો ભાર જેમ શ્વાન તાણે.

કવિશ્રી દલપતરામ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વનસ્પતિ કાયમાં ગયેલો જીવ ઉત્કૃષ્ટ દુઃખથી અંતવાળો, અનંતકાળ સુધી રહે છે. એટલા માટે હે ગૌતમ ! તું સમય માત્રનો પ્રમાદ ન કર.

બે ઇન્દ્રિયવાળી કાયમાં ગયેલો જીવ ઉત્કૃષ્ટ અસંખ્ય કાળ સુધી રહે છે, એટલા માટે હે ગૌતમ ! તું સમય માત્રનો પણ પ્રમાદ ન કર.

ત્રણ ઇન્દ્રિયમાં કાયમાં પ્રવેશેલો જીવ, ત્યાં ઉત્કૃષ્ટ સંખ્યાત કાળ સુધી રહે છે માટે હે ગૌતમ ! તું સમય માત્રનો પણ પ્રમાદ ન કર.

ચાર ઇન્દ્રિયમાં ગયેલો જીવ ત્યાં ઉત્કૃષ્ટ સંખ્યાત કાળ સુધી રહે છે, એટલા માટે હે ગૌતમ ! તું સમય માત્રનો પણ પ્રમાદ ન કર.

દેવ અને નરકમાં ગયેલો જીવ ત્યાં એકેજ ભવ રહે છે, એટલા માટે હે ગૌતમ ! તું સમય માત્રનો પણ પ્રમાદ ન કર.

આ પ્રમાણે પ્રમાદની વિપુલતાથી. જીવ પોતાના શુભાશુભ કર્મોથી આ ભવ સંસારમાં ભમે છે, એટલા માટે હે ગૌતમ ! તું સમય માત્રનો પણ પ્રમાદ ન કર.

મનુષ્ય જન્મ મલ્યા પછી આર્યત્વ પ્રાપ્ત કરવું કઠણ છે, કારણ કે મનુષ્યોમાં ઘણાજ ચોર અને મલેચ્છ છે.

મનુષ્ય ભવ અને આર્યત્વ પ્રાપ્ત કરીને, પાંચ ઇંદ્રિયોનું પૂર્ણ હોવું દુર્લભ છે. કારણ કે ઘણા માણસોમાં ઇંદ્રિયોની વિકલતા જોવામાં આવે છે. એટલા માટે હે ગૌતમ ! તું સમય માત્રનો પણ પ્રમાદ ન કર.

પાંચ ઇંદ્રિય અક્ષીણ પૂર્ણ રૂપથી મલ્યા પછી પણ ઉત્તમ ધર્મનું શ્રવણ નિશ્ચય દુર્લભ છે, કારણ કે ઘણા મનુષ્યો કુતીર્થની સેવા કરવાળા હોય છે. એટલા માટે હે ગૌતમ ! તું સમય માત્રનો પ્રમાદ ન કર.

જો ઉત્તમ ધર્મનું શ્રવણ પણ પ્રાપ્ત થાય તો પણ તેના ઉપર શ્રદ્ધા થવી અત્યંત કઠિન છે. એટલા માટે હે ગૌતમ ! તું સમય માત્રનો પણ પ્રમાદ ન કર.

ધર્મ ઉપર શ્રદ્ધા થયા પછી પણ એનું કાયાથી આચરણ કરવું અત્યંત દુર્લભ છે, કારણ કે દુનિયામાં લોકો ભોગાસકત અને મૂર્છિત છે એટલા માટે હે ગૌતમ ! તું સમય માત્રનો પણ પ્રમાદ ન કર.

હે ગૌતમ ! તારૂં શરીર જીર્ણ થઈ જાય છે. વાળ શ્વેત પાંડુ થઇ જાય છે. અને તારૂં શ્રવણ બળ હાની પામે છે, માટે હે ગૌતમ ! તું સમય માત્રનો પણ પ્રમાદ કરીસ નહિ

હે ગૌતમ ! તારૂં શરીર ક્ષીણ, કેશ સફેદ થઇ જાય છે, અને પ્રાણશક્તિનષ્ટ થઈ રહી છે, માટે હે ગૌતમ ! તું સમય માત્રનો પણ પ્રમાદ ન કર.

તારૂં શરીર જીર્ણ થાય છે, વાળ શ્વેત થયા છે, અને તારૂં જીહ્‌વાબળ ક્ષીણ થાય છે માટે હે ગૌતમ ! તું ક્ષણ માત્રનો પણ પ્રમાદ ન કર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(ગયા અંકથી ચાલુ)

## વિશ્વમાન્ય ધર્મ

(દોહરા)

નારી પેટે હાડી દિપક
પુરૂષ પેટ ગંભીર
સતિ પેટે જીવન દિપક
હલકટ પેટ નર ગીર....૧૭૯

આરસી કહે નર નારને
ગુણ દોષ નહિં કડે.
નર નારી કહે આરસી
મુખડા સુંદર જોવું....૧૮૦

જેની પાસે જે હશે
રજુ કરે ગુણ દોષ
ભલુ બુરૂ કેમ માનીએ
લેણુ—દેણુના શું જોષ...૧૮૧

માફી જે માગી શકે
માફી દીયે શું જાણ
માફી જે દાટી શકે
માફી દીયે પાપાણ....૧૮૨

ગુણની ઉપર ગુણ કરે
એમ મધ્યમ અભ્યાસ
માલ વેચી પૈસા ઘડે
સાખિ વેપારી આશ....૧૮૩

ગુણ ઉપર અવગુણ કરે
એ દુર્જન અભ્યાસ
ડંગે ભુજંગ પય તે પાય
એજ સ્વભાવ તમાસ....૧૮૪

રચયીતા : **શાહ ચતુર્ભુજ હરજીવનદાસ** (ક્રમશઃ)

(૧૨ મા પાનાનુ ચાલુ)

હે ગૌતમ! તારૂ શરીર જીર્ણ તારા વાળ શ્વેત થયા છે, અને તારૂં સ્પર્શબળ ક્ષીણ થઇ રહ્યું છે, માટે હે ગૌતમ! તું સમય માત્રનો પણ પ્રમાદ ન કર.

અરતિ. ગડગુમડ, ઝાડા, મરડો, અજીર્ણ અને વિવિધ પ્રકારના શીઘ્રઘાત કરવાવાળા રોગો લાગુ પડે છે. જે શરીરને અશક્તિ અને નષ્ટ કરી નાખે છે. માટે હે ગૌતમ! તું સમય માત્રનો પણ પ્રમાદ ના કર.

શરદ કાળનું કમળ, જળથી અલિપ્ત રહે છે એવી રીતે પોતાના સર્વ સ્નેહ ત્યાગી દે, માટે હે ગૌતમ! તું સમય માત્રનો પણ પ્રમાદ ન કર.

ધન અને સ્રીનો ત્યાગ કરીને, તેં અણગાર વૃત્તિ ગ્રહણ કરી છે, આથી વમન કરેલા વિષયે.થી દૂર રહે માટે હે ગૌતમ! સમય માત્રનો પણ પ્રમાદ ન કર.

મિત્ર બાંધવ તથા વિપુલ ધન રાશિને છોડીને ફરીને, એની ઈચ્છા તું ન કર. હે ગૌતમ! તું સમય માત્રનો પણ પ્રમાદ ન કર

ખરેખર વર્તમાન સમયમાં શ્રી જિનેશ્વરદેવ દેખાતા નથી, પરંતુ એમનો બતાવેલો મોક્ષ માર્ગ જોવામાં આવે છે. આવી રીતે ભવિષ્યમાં આત્માર્થી લોક કહેશે, તો હે ગૌતમ! તું હવે સમય માત્રનો પણ પ્રમાદ ન કર.

કુતીર્થ રૂપ કંટકમય માર્ગને છોડીને તું મોક્ષના વિશાળ માર્ગમાં આવ્યો છે. એટલા માટે હે ગૌતમ! તું સમય માત્રનો પણ પ્રમાદ ન કર.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દર્શન ધર્મ

લે૦ દીપચંદ જીવણભાઈ

૧ સુખ આપણને બહિર્મુખ બનાવે છે ઇંદ્રિયોની તૃપ્તિ માટેનો તલસાર અને એ તૃપ્તિ આડે અંતરાય બનીને ઉભા રહેતા સૌ સામે રોષ-અને એ એની સાથે સંકળાયેલાં સ્પર્ધા ઈર્ષ્યા, મત્સર, ક્રુરતા, હુંપદ, દંભ, નિષ્ઠુરતા, મૂઢતા આદિ આવો એ સુખના સમયનો સારો એવો ભાગ રોકીલે છે.

દર્શન એટલે તત્ત્વ ચિંતનની એક ચોક્કસ અને વ્યવસ્થિત પદ્ધતિ અને એ ચિંતન અનુસારની એક જીવન પ્રણાલિકા ધર્મ એ ચિંતન અનુસારની એક જીવન પ્રણાલિકા ધર્મ એ દર્શનનો પ્રાણ છે. ધર્મ વગરનું દર્શન એક મરેલા માણસની સાંજી આંખ જેવું છે.

વિજ્ઞાન, અર્થશાસ્ત્ર અને સમાજશાસ્ત્રની યોજનાઓ વિચારાઈ રહી છે પણ એની સાથે નથી વિચારાતું કે બધી યોજનાઓ વ્યક્તિની ધર્મ ભાવના વગર એકડા વગરના મીડાં જેવી છે. ધર્મ એ વ્યક્તિની પ્રકૃત્તિમાં ધરમૂળથી ફેરફાર માટે છે તું તારે માટે નહિ પણ સમાજ માટે જીવતાં શીખ.

* * *

## જૈન દર્શન

અત્યારે વિજ્ઞાન કુદકે ભૂસકે આગળ વધી રહ્યું છે. માણસ થોડાંક જ વર્ષોમાં ચંદ્ર સુધી પહોંચી જશે. તેમાં શંકા નથી વળી વિજ્ઞાને માણસને સુખના સાધનો પણ ઓછા ખર્ચે આપ્યા છે. પણ માણસને હજુ સુધી ખરૂ સુખ પ્રાપ્ત થયુ નથી વળી તે ખરા સુખને માટે આમ તેમ વલખા મારે છે ખરૂ સુખ આત્મિક દર્શન કે જ્ઞાન વિના પ્રાપ્ત થતું નથી આત્મિક દર્શન કરવા માટે ધર્મ પાળવાની જરૂર છે. કામ પ્રાપ્ત કરવા માટે અર્થની જરૂર છે તેમ મોક્ષ પ્રાપ્ત કરવા માટે ધર્મની જરૂર છે. ધર્મ જ્ઞાન અને ક્રિયા એ બન્નેની પ્રાપ્ત થાય છે.

આ જગત શું છે? જીવ અને અજીવ શું છે? જીવ સંસારમાં કેવી રીતે મુક્ત થઇ શકે? અમુક માણસો કેમ ધનવાન છે? અમુક માણસો શા માટે ગરીબ છે. આ સંબંધી વિચારણા ને જ્ઞાન કહે છે. ક્રિયા એટલે દેવદર્શન, પૂજન જ્ઞાનને પ્રાપ્ત કરવાથી અને ક્રિયાઓને પાળવાથી મનુષ્યનો મોક્ષ થાય છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગુરૂ પટ્ટાવલી ચૌપાઇ સંબંધી સ્પષ્ટીકરણ

લે૦- શ્રી અગર મંદનાહટા

૧ સોહમ કુલપટ્ટાવલી ૨ કુચ્છુકી ગચ્છ રાસ, ૩ તપાગચ્છ ગુર્વાવલી, ૪ તપાગચ્છ પટ્ટાવલી છંદ. ૫ પૂર્ણિમા ગચ્છ ગુર્વાવલી, ૬ તપાગચ્છ કે મલ કલશ-શાખા ગુર્વાવલી સ્વાધ્યાય ૬ તપાગચ્છ પટ્ટાવલી સ્વાધ્યાય ૮ આગમગચ્છ પટ્ટાવલી ૯ તપાગચ્છ ગુર્વાવલી સભા ૧૦ ગણધર પટ્ટાવલી સક્તાય ૧૧ બૃહદ્દગચ્છ ગુર્વાવલી ૧૨ ઉપકેશ કેવલા ગચ્છપટ્ટાવલી ૧૩ તપાગચ્છ સાગર ગચ્છ પટ્ટાવલી ૧૪ વર્દ્ધમાન ગચ્છ પટ્ટાવલી ઈતની રચનાએં તો ઈસ એક હી પુસ્તકમેં છપ ચુકી હે।

નંદી સૂત્ર ઔર કલ્પસૂત્રકી સ્થિરાવલી સે એસી રચનાઓ કા પ્રારંભ હોતા હે કિ સહેભવંત સ્થિરાવલી કઈ પ્રાકૃત મેં રચી ગઇ નંદી સૂત્રકી સ્થિરાવલી પદ્યમેં હે ઔર કલપસૂત્રકી ગદ્યમેં હે યહી પરંપરા આગે ચલતી રહી સંસ્કૃતમેં ભી ગદ્ય પદ્ય દોનો વિદ્યાઓં મેં ગુર્વાવલીયાં પટ્ટાવલિયો લિખી ગઇ ઔર વહી પરંપરા રાજસ્થાની ગુજ-રાતી મેં ચલતી રહી અતઃપૂર્વી શતાબ્દી સે અબ તક એસી અનેકોં રચનાએં રચીજાતી રહી હે ડેટ હજારકોકી લંબી પરંપરા ૨ વં દિન ઔર લોંકાગચ્છ-સ્થાનકવાસી સભી જૈન જૈનેતર સંપ્રદાયો મેં પદ પરમ્પરા યુગપ્રધાન પરંપરા ગુરૂ પરંપરાકે નામ પ્રાકૃત, સંસ્કૃત રાજસ્થાની ગુજરાતી ભાષાએં મેં પદ્ય બદ્ય ભી લિખે જાતે રહે હૈં જિસસે યાદ કરને મેં સુવિધા હે।

પ્રો. હીરાલાલજી કાપડિયા લિખતે તો ખુબ હે। પર ગહરાઇમેં કમ જાતે હે પ્રશ્ન અધિક ઉઠાતે હે, પર સમાધાન કર નહી પાતે ને જિન ગ્રંથો કો લિખના ચાહતે હે ઉન ગ્રંથો કો પૂરા કરનેમે હી પૂરી શક્તિ ન સમય હમારે નહીં આયુષ્યકો કોઇ ભરોસા નહી કેવલ મનોરથ પોઈ રહ જાયેગે। ઉનકે કઇ લેખો પ્રશ્નો કા ઉત્તર દેનેકા મન હોતા હે. પર દૂસરે કામોં મેં વ્યસ્થ છે હો જાને કે લિખ નહી પાતા.

## જાજુ શીખ્યા થોડું જાણો ?

તતે તમારા જીવનમાં હંમેશા એવું જીવન જીવજો કે **કપટ** અને **ખટપટનો** કદી આશરો લેશો નહિ આમ કરવાથી તમો ઘણા અનિષ્ટોથી બચી જશો અને ઘણા કર્મ બધનથી મુક્ત રહેશો, આ કાનામાત્ર વિનાના બે શબ્દોનો ત્યાગ કરશો.

**—બળવંત**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

No Reg. B.V-37

# —: પરમેશ્વર :—

( પઢોરે પોપટ રાજા રામને એ રાગ )

એવારે જગજન જે હશે તે તો મારા પરમેશ્વર;
પરોક્ષ નિર્ગુણી તો મોક્ષમાં પ્રત્યક્ષ ગુણી તો સંસાર...એવારે-૧

વૈરી બન્યા જે રાગદ્વેશના ભલે ઉંચ કે નીચ જાત;
મરે મૂર્તિ ગુણની પુજીએ જીવત તો જાગતી જ્યોત...એવારે-૨

ધર્મ તો સાચો નિજ આતમાં પંથ તો જગમાં શરીર;
દર્શન ભેદને પક્ષો વિના જેના ઉપદેશ ચારીત્ર...એવારે-૩

સ્નેહ સેવાને પ્રેમ જે હતા મન વચન કાયામાં એક;
વ્યવહાર નિતિ ઉદ્યોગમાં છે યમ નિયમ વિવેક..એવારે-૪

ગુણ ગુણી ગુણકમાં જો હું ભેદ અભેદ થઇ જાઉં;
તો પછી ચતુર પરમેશ્વર મારા આતેમાને બનાવું...એવારે ૫

## : દુહા :

અવિચળ લક્ષ્મી સ્વર્ગની વસે ચરણ વિતરાગ;
ચપળ લક્ષ્મી મૃત્યુ લોકની વસે ચરણ પુરૂષાર્થ.

રચયીતા : શાહ ચતુર્ભુજ હરજીવનદાસ

પ્રકાશક : જયતિલાલ મગનલાલ શાહ, શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.
મુદ્રક : ફતેચંદ ખોડીદાસ ગાંધી, શ્રી અરૂણોદય પ્રિન્ટીંગ પ્રેસ-ભાવનગર.

For Private And Personal Use Only